Extra No. 241

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૫

વંચાણે લીધુ:-

➢ પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એલસીબી/CCTV જા.નામુ/૧૦૫૩/૨૦૨૫, તા. ૦૩/૦૭/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓના તા.૦૩/૦૭/૨૦૨૫ ના પત્રથી જણાવ્યા મુજબ ગાંધીનગર એ ગુજરાત રાજ્યનું પાટનગર છે. ગાંધીનગરના શહેરી વિસ્તારમાં માન.રાજ્યપાલશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી, માન.મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, સચિવાલય, વિધાનસભા સંકુલ જેવા અગત્યના સ્થળો આવેલ છે. જેથી કાયદો વ્યવસ્થા જાળવવા અને જનતાની સલામતી સુરક્ષાને ધ્યાને લઈ હાઈવે ઉપર આવેલ તમામ સર્કલો ખાતે સરકારશ્રી તરફથી સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. જેથી હાઈવે ઉપર આવેલ તમામ હોટલ, પેટ્રોલપંપ, શોપીંગ મોલ વિસ્તાર, શોપીંગ કોમ્પ્લેક્ષ, મંદિર વિસ્તાર વિગેરે જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન અને હાઈ ડેફીનેશન) વિથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા સલામતીની દ્રષ્ટિએ ખૂબ જ આવશ્યક હોઈ, નીચે જણાવેલ કારણોસર જાહેરનામુ પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

(૧) ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર ખાતે અલગ અલગ કાર્યક્રમો યોજાતા હોય છે, જેમાં ભારત દેશના માન.વડાપ્રધાનશ્રી તેમજ ગુજરાત રાજ્યના માન.રાજ્યપાલશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી તથા અન્ય દેશ-વિદેશના મહાનુભાવશ્રીઓ તથા મોટા વેપારીઓ અને નાગરિકો પધારતા હોય, જેથી આ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ.

(૨) વધુમાં આગામી સમયમાં આવનાર તહેવારોને ધ્યાને લઈ, સદરહુ તહેવારો શાંતીથી પૂર્ણ થાય અને અસામાજિક તત્વો/ભાંગફોડીયાની પ્રવૃત્તિ કરતા ઈસમો પોતાના મલીન ઈરાદો પાર ન પાડે તે સારૂ અગમચેતીના પગલાં રૂપે આવા લોકોની ઓળખ થઈ શકે તે સારૂ.

(૩) વિવિધ આંતકવાદી સંગઠનો જેવા કે આઈ.એસ.આઈ.એસ., ઈન્ડિયન મુજાહિદીન વિગેરે દ્વારા તેમજ અન્ય આતંકવાદી સંગઠનો દ્વારા ભારત દેશમાં ઘણા રાજયોમાં આતંકવાદીઓ પોતાનો મલીન ઈરાદો પાર પાડવા માટે મોટા પાયે હુમલા કરે/કરાવે તેવા ઈનપુટ

ઈન્ટેલીજન્સ તરફથી મળતાં હોય છે. જેમાં, ગુજરાત રાજ્ય પણ આતંકવાદીઓના સોફ્ટ ટાર્ગેટ તરીકે ગણી શકાય. જેથી, આવા બનાવો વખતે આમ જનાતાની તેમજ મહાનુભાવશ્રીઓની સલામતિ વ્યવસ્થા સારૂ.

(૪) ગાંધીનગર જિલ્લા/શહેર વિસ્તારમાં બનેલ ખૂન અને ઘરફોડ ચોરી, બેંક લૂંટ, વાહન ચોરી, ચેઈન સ્નેચીંગ અને બેગ લીફટીંગના ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા માટે સી.સી.ટી.વી. ફુટેજ ખૂબ જ ઉપયોગી થઈ નિવડેલ હોવાથી.

(૫) ગાંધીનગર ગુજરાત રાજ્યનું પાટનગર હોવાથી જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા તેમજ અન્ય સામાજિક/ધાર્મિક સંગઠનો દ્વારા પોતાની માંગણીઓને અનુલક્ષીને ધરણા રેલી જેવા કાર્યક્રમો અવાર નવાર ઉપવાસી છાવણી ખાતે યોજાવવાની શક્યતાઓ રહેલ છે. જેમાં ઘણી વખતે રેલી-ધરણા પર બેઠેલ માણસો પોલીસ સાથે ઘર્ષણમાં ઉતરે છે અને સરકારી/પબ્લીક પ્રોપર્ટીને આવેશમાં આવી જઈને નુકસાન પહોંચાડતા હોય છે. જેથી આવી રેલીઓમાં સંડોવાયેલા અસામાજિક તત્વોને શોધી કાઢવા/ઓળખવા માટે અગત્યના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જરૂરી છે.

વાસ્તે, હું મેહુલ કે. દવે આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તાર તથા શહેરી વિસ્તાર અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હાઈવે ઉપર આવેલા તમામ હોટલ્સ, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલપ્લાઝા, બેંક વિસ્તાર, એ.ટી.એમ. સેન્ટર, શોપીંગ મોલ વિસ્તાર, શોપીંગ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થળ (મંદિર/મસ્જીદ/ચર્ચ/ગુરૂદ્વારા વિગેરે), મલ્ટીપ્લેક્ષ થીયેટર, કોમર્શિયલ સેન્ટર, શ્રી સ્ટારથી ઉપરની હોટલો ઉપર સીક્યુરીટીને ધ્યાને લઈ પ્રવેશદ્વારા ઉપર સીક્યુરીટી ગાર્ડ/મેટલ ડીટેક્ટરો તથા સી.સી.ટી.વી. કેમેરા જાહેર પાર્કિંગ, ભોંયરા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, જ્વેલરી શોપ, લોઝીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગ, પાવરહાઉસ વિગેરે જાહેર સ્થળોએ પ્રવેશ થતી ગાડીઓના નંબર તથા વ્યક્તિઓની ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન અને હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ વાળા ફીક્સ કેમેરા રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા નક્કી કરેલ ગુણવત્તાવાળા જેવા કે, “Image-Colour, Image Sensor 1.3” minimum. Support-TCP IP and remote monitoring Resolution-600 TVI. Min. Compression-H.264 MJPEG. System data storage-15 days min. With Back light compensation and night vision capability" મુકવા અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગ દિન-૧૫ સુધી જાળવી રાખવા આ મિલકતોના માલિકો/કબજેદારો/ભાડુઆતો, જાહેર જનતા વિગેરેને હુકમ ફરમાવું છું.

આ હુકમ તા.૦૫/૦૭/૨૦૨૫ થી તા.૦૨/૦૯/૨૦૨૫ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરાવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર તથા જિલ્લાના તમામ સિનેમાગૃહો, વિડીયોગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓની કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવી.

આજ તા. ૦૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.15 22:24:33 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar